# વેદ લક્ષણા : ભેળસેળ વગરની શુધ્ધ વેરાયટીઓ

**ગાંધીનગરમાં રહેતા યુગ ચાવડા દ્વારા શુધ્ધ ઘી ની વિવિધ પ્રોડક્ટનો ઉપયોગ કરવાની અનોખી પહેલ**




ગાંધીનગર, તા. ૧૪

આપણી જૂની કહેવત છે 'અન્ન તેવો ઓડકાર' આપણા ખોરાક આપણી સ્વાસ્થ્ય, શારીરિક, માનસિક શક્તિઓ ઉપર અસર કરે છે. દરેક માણસને ગુણવત્તાસભર ખોરાક મેળવવાનો હક છે. આજે તો તીવ્ર પ્રકારના કેમીકલ, કાયમી ખોટ કે હાનિકારક વસ્તુઓ ભેળવેલ ખોરાક બજારોમાં મળી રહ્યા છે. ઈરાદાપૂર્વકનું મિશ્રણ કરીને ગુણવત્તા ઘટાડીને સસ્તા ભાવે માલ બજારોમાં ઠલવાઈ રહ્યો છે. લોકો આ ભેળસેળયુક્ત ખોરાકના જમાનામાં ભેળસેળ વગરની ચીજવસ્તુને શોધી રહ્યા છે. અસલ ખાદ્ય વસ્તુ જેવી ડુપ્લીકેટ વસ્તુઓ સસ્તા ભાવે વેચાય છે જેના ઉપયોગથી કેન્સર જેવા રોગો થાય છે. ત્યારે આ ભેળસેળવાળા ખોરાકમાં ભેળસેળ વગરની ખાદ્ય ચીજવસ્તુ બનાવવી અને લોકો સુધી પહોંચાડવી એ એક ઉત્તમ માનવતાભર્યુ કાર્ય કહી શકાય.

આજે અમે વાત કરવા જઈ રહ્યા છીએ 'વેદ લક્ષણા' ગાંધીનગરના આશાસ્પદ યુવાન યુગ ચાવડાના અદ્ભુત ગૌસેવાના સંકલ્પ અને સેવાકાર્યનો પરિચય મેળવીએ.

માઉન્ટકાર્મેલ સ્કૂલમાં ભણતર દરમ્યાન ઈફેક્ટીવ કેબિનેટ એવોર્ડ, સોશિયલ વર્ક લીડર, ગરબા સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવનાર યુગે કડી યુનિવર્સિટીમાંથી બીબીએમાં સ્નાતક કર્યુ છે. શરૂઆતથી જ સોશિયલ વર્ક પસંદ હોવાથી કડી યુનિવર્સિટીમાં માસ્ટર ઈન સોશિયલ વર્ક કરવાનો નિર્ધાર કર્યો હતો. એડમીશન વખતે ઈન્ટરવ્યુમાં પ્રવેશ માટેનું કારણ બતાવ્યુ કે જીવનમાં એ દિશામાં કામ કરવું છે કે જેમાં વ્યક્તિગત જીવન સાથે સમગ્ર સમાજને ફાયદો થાય. હાલ યુગ વૃક્ષ ઉછેર, વૃક્ષ સંવર્ધન, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ સાથે સંકળાયેલ એક એનજીઓ સાથે કામ કરી રહેલ છે. યુગનું માનવું છે કે તેના જીવનમાં સદગુરુ પૂજ્યમાં કનકેશ્વરીદેવીજીની શિક્ષા, દીક્ષા અને કેળવણીની ખૂબ મોટી અસર છે. પૂજ્યમાં તેમની ભાગવત, રામ અને શિવ કથા દરમ્યાન ગૌસેવા ઉપર ખૂબ ભાર મૂકે છે અને કહે છે કે પરમની પ્રાપ્તિ માટેના સરળ ઉપાય ગુરુસેવા અને ગૌસેવા છે. ગૌસેવા અને સંવર્ધન વગર માનવ સૃષ્ટિ અને સંસ્કૃતિનું રક્ષણ અસંભવ છે. આથી જ યુગ ગૌસેવા માટે બચપણથી જ ઉત્સાહી છે. આજના સમયમાં કેન્સર, થાયરોઈડ, બીપી, ડાયાબિટીસ, મોટાપા વગેરે રોગો સર્વવ્યાપી છે જેનું મુખ્ય કારણ દૂધજન્ય વસ્તુઓમાં થતી ભેળસેળ છે. વેદ લક્ષણાની શુદ્ધ પ્રોડક્ટસ ઘરે ઘરે પહોંચાડી યુગ ચાવડા ગૌસેવાની સાથે લોકસેવાનું કામ કરી રહ્યો છે જે ખુબ અભિનંદનીય છે.

આ સિવાય યુગ નેચરલ ડાયટ સિસ્ટમ સાથે જોડાઈને ફૂડ ખાઈ દવા વગર રોગ મટાડવાની પદ્ધતિનો પ્રચાર પ્રસાર પણ કરે છે. આ માટે તે એક યુટ્યૂબ ચેનલ ચલાવે છે જે food with life yogahar નામે જોઈ શકાય છે.

**વિવિધ ફ્લેવરની આઈટ્મ્સ**

અજવાઈન, જીરા, આટા, કોકોનેટ, ઈલાયટી, બદામ, મિલ્ક કેક, ચણા બરફી, રોસ્ટેડ પેંડા, કાજુ બરફી, ગુલાબજામુન, રસગુલ્લા, ચમચમ, સોનપાપડી, પંજરી, પેઠા, મઠરી, જીરા મઠરી, ગુડ મઠરી વિગેરે...




કુડાસણ પ્રાથમિક શાળામા ૧૪મી ફેબ્રુઆરીના રોજ વિદ્યાર્થીઓના આદરણીય માતા-પિતાનુ ભાવપૂર્વક પૂજન તથા વંદન કાર્યક્રમ કરી માતૃ - પિતૃ પૂજન દિવસની ઉજવણી કરી હતી.

## લીયો કિડ્સ જેઠીપુરા ગામ ગીફ્ટસીટી પૂર્વે ગેટ 'બ્લેક ડે' નું આયોજન કરાયું




ગાંધીનગર તાલુકાના જેઠીપુરા ગામ ગીફ્ટસીટી પૂર્વે ગેટ પાસે આવેલી લીયો કિડ્સમાં 'બ્લેક ડે' નું આયોજન કરવામાં આવ્યું જેમાં બાળકોએ શહીદોના માનમાં બે મિનિટ મૌન પાડ્યું હતું અને આપણા રાષ્ટ્રના સૈનિકો પુલવામાં શહીદ થયા હતા તેમને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

## સે. ૧૭માં સદસ્ય નિવાસના નિર્માણ માટે વૃક્ષોના નિકંદન સામે પ્રકૃતિપ્રેમીઓમાં ભારે રોષ

**કલેક્ટર કચેરીએ આવેદન પત્ર આપ્યું : ૨૧૦ જેટલાં જૂના ઘટાદાર વૃક્ષોનું નિકંદન કાઢવાની કામગીરી અટકાવવા અને ગેરકાયદેસર વૃક્ષોના કાપવાના કૃત્ય કરનાર સામે ૫ વર્ષની જેલની જોગવાઈ જેવા કડક કાયદા અમલમાં લાવવા માંગ**






ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર ના સેક્ટર -૧૭ ખાતે ધારાસભ્યો માટે અદ્યતન નિવાસ્થાન બનાવવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે આ કામગીરી અંતર્ગત ૨૧૦ જેટલાં જૂના ઘટાદાર વૃક્ષોનું નિકંદન કાઢવાની કામગીરી હાથ ધરવામાં આવી છે જેને પગલે ફરી એકવાર ગાંધીનગરના પ્રકૃતિ પ્રેમીઓમાં ભારે રોષની લાગણી પ્રસારવા પામી છે. આજે "પ્રકૃતિ રક્ષા અભિયાન" અંતર્ગત શહેરના પર્યાવરણ પ્રેમીઓ દ્વારા આ વૃક્ષોના નિકંદનને અટકાવવા તેમજ શહેરમાં ગેરકાયદેસર રીતે વૃક્ષોના કાપવાના કૃત્ય કરનાર સામે ૫ વર્ષની જેલની જોગવાઈ જેવા કડક કાયદા અમલમાં લાવવા જિલ્લા કલેકટર કચેરીએ આવેદનપત્ર આપવામાં આવ્યું હતું જેને અધિક નિવાસી કલેકટર ભરત જોશી દ્વારા સ્વીકારવામાં આવ્યું હતું.? આ સાથે સેક્ટર ૧૭માં સદસ્ય નિવાસ નિર્માણ સ્થળે જઈને વૃક્ષો કાપવાની કામગીરી સામે બેનર્સ પ્રદર્શિત કરીને પ્રકૃતિ રક્ષા અભિયાન દ્વારા પ્રતિકાત્મક દેખાવ કરવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે પ્રકૃતિ રક્ષા અભિયાન અંતર્ગત અગાઉ પણ જ્યારે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર પદે રીટાબેન પટેલ આરુઢ હતા ત્યારે સેક્ટર-૨૨માં આંતરિક માર્ગ પહોળો કરવાની અને ઘ-૪ તેમજ ગ-૪ના અન્ડરપાસમાં નિર્માણ માટેની કામગીરીમાં કાપવાના નક્કી કરાયેલા સંખ્યાબંધ વૃક્ષો સામે છેડવામાં આવેલા આંદોલનને પગલે તંત્રએ નિર્ણયમાં ફેરબદલ કરવો પડ્યો હતો. પાટનગરના પ્રકૃતિ પ્રેમીઓ દ્વારા પ્રકૃતિ રક્ષા અભિયાન અંતર્ગત આપવામાં આવેલા આવેદનપત્રમાં રજુઆત કરવામાં આવી છે કે "ગાંધીનગરમાં સેક્ટર-૧૭માં ધારાસભ્યો માટે આવાસ બનાવવાની કામગીરી થઈ રહી છે અને આ માટે વર્ષો જુના ઘટાદાર ૨૧૦ વૃક્ષોને કાપવાની કામગીરી કરવામાં આવનાર છે. ગાંધીનગરનો વિકાસ થાય તે ખૂબ જ સારી બાબત છે અને અમે હર્ષની લાગણી અનુભવીએ છે, પરંતુ વર્ષો જૂના વૃક્ષોનું નિકંદન કાઢીને વિકાસ થાય તે પણ યોગ્ય લાગતું નથી. આ વિકાસ આવનારી પેઢી માટે વિનાશક સાબિત થઈ રહ્યું છે. આ સાથે શહેરના પ્રકૃતિ પ્રેમીઓની લાગણીને પણ જાણી જોઈને ઠેસ પોહાચાડવામાં આવી રહી છે. આજના યુગમાં વૃક્ષોની સતત ઘટતી જતી સંખ્યાને કારણે ક્લાઈમેટ ચેન્જ, પ્રદૂષણ જેવી પર્યાવરણ સંબંધિત સમસ્યાઓ ખૂબ જ ગંભીર બનવા પામી છે. એક વૃક્ષ વાવીને તેને ઉછેરવું તે કેટલી કપરી બાબત છે અને વિકાસ માટે કાપવામાં આવેલા વૃક્ષોની સામે તંત્ર એ વાવેલા છોડ પૈકી કેટલાં છોડ વિકસીને વૃક્ષ બની શક્યાં તેની હકીકતથી આપ સુવિદિત છો. આ વર્ષો જૂના વૃક્ષોને કાપીને આપણે શહેરના નાગરિકો માટે જ નહીં પરંતુ આવનારી પેઢી માટે પર્યાવરણ અને આરોગ્ય બાબતે કેટલી નુકશાનકારક પરિસ્થિતિનું નિર્માણ કરીશું તેનો ગંભીરતાથી વિચાર કરવો જોઈએ. આગામી પેઢીને પ્રાણવાયુ લેવા વલખાં મારવા પડશે તો તેવી વિકાસ કેટલો યોગ્ય લેખાશે તે બાબતને આપણે નકારી શકીએ તેમ નથી, તો આજે અમો પ્રકૃતિ રક્ષા અભિયાન અંતર્ગત આપને આ વૃક્ષો કાપવાની કામગીરી અટકાવવા આવેદન પાઠવીએ છીએ. આ સાથે "વન વિભાગ દ્વારા વૃક્ષની ઓછી કિંમત અંકવાને બદલે સાચી કિંમત આંકે, વન વિભાગ પાસે પડેલ વૃક્ષ ટ્રાન્સપ્લાન્ટ મશીન વર્ષોથી પડેલ છે જે દરેક જગ્યા એ ઉપયોગ થાય, ગેરકાયદેસર વૃક્ષ કાપણી માટે ૫ વર્ષની જેલની જોગવાઈ હોવી જોઈએ, મંત્રી આવાસ માટે કપાતા ૨૧૦ વૃક્ષની સામે ૧૦ હજાર વૃક્ષ માટે મંત્રીઓ સામે આવી પોતાના બજેટમાથી ગ્રાન્ટ આપી ફરી ગાંધીનગરને ગ્રીનસીટી બનાવવાની જાહેરાત કરવી જોઈએ" તેવી માંગણીઓ કરવામાં આવી છે. આ ઉપરાંત પ્રકૃતિ રક્ષા અભિયાન અંતર્ગત કરવામાં આવેલી રજૂઆતને ધ્યાને લઈને વર્ષો જુના વૃક્ષોને કાપવાની કામગીરીને રોકવાનો આદેશ કરવા અને ગાંધીનગર ખાતે કોઈ પણ સ્થળ વિકસેલા વર્ષો જૂના વૃક્ષોની કાપણી અટકાવવા યોગ્ય પગલાં લેવા અનુરોધ કરાવામાં આવ્યો છે.

## ઉનાળા પહેલાં જ ધોળાકુવા ગામે ઉઠ્યાં પાણીના પોકાર..!!

ગાંધીનગર, તા.૧૪


ગાંધીનગરના ધોળાકુવા ગામમાં પીવાના પાણીની સમસ્યાએ ફરી એકવાર માથુ ઉંચક્યું છે, હજુ તો ઉનાળો આવવાને ઘણી વાર છે છતાં સ્માર્ટ પાટનગરનો ભાગ એવા ધોળાકુવામાં અત્યારથી પીવાનું પાણી પુરતું મળતું નથી તેવી નાગરિકોમાં ફરિયાદો ઉઠવા પામી રહી છે ત્યારે જો આ સમસ્યાનો કાયમી ઉકેલ નહીં આવે તો ઉનાળામાં કેવી વિકટ પરિસ્થિતિ સર્જાશે તેની કલ્પના માત્ર ચિંતાજનક બાબત બની રહી છે.

ધોળાકુવામાં ઘણા સમયથી નવી-જુની પાઈપલાઈનના કારણે પીવાના પાણીના ફોર્સની મુખ્ય સમસ્યા છે. ખાસ કરીને નાના વાસમાં આ સમસ્યા વધુ સતાવી રહી છે અને આ વાસના નાગરિકોની અનેક રજુઆતો છતાં નવી લાઈનના કનેકશન જ અપાતાં નથી. ગામના પાણીના ત્રણ બોર પૈકી એક બંધ હાલતમાં છે. સમસ્યા વધુ સતાવી રહી છે અને આ વાસના નાગરિકોની અનેક રજુઆતો છતાં નવી લાઈનના કનેકશન જ અપાતાં નથી. ગામના પાણીના ત્રણ બોર પૈકી એક બંધ હાલતમાં છે. વળી, અગાઉ પાઈપલાઈનોમાં ભંગાણને કારણે ગામના મુખ્ય ચંચળમાતાના મંદિરના ચોકથી માડીને પ્રાથમિક શાળા સહિતના વિસ્તારોમાં કાદવ-કિચડનો માહોલ સર્જાવાની સ્થિતિ હતી. હજુ પણ ધોળાકુવામાં પીવાના પાણી માટે કોઈ કાયમી ઉકેલ આવ્યો હોય તેવું જણાતું નથી અને અત્યારથી જ પાણીના પોકાર પડવા શરૂ થઈ ગયાં છે ત્યારે આ સમસ્યાનો સત્વરે કાયમી ઉકેલ લાવવામાં આવે તેવું નાગરિકો ઈચ્છી રહ્યાં છે.

## વાવોલમાં બ્રહ્માકુમારી કેન્દ્ર ખાતે શિવ જયંતિ મહોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા.૧૪

બ્રહ્માકુમારી વાવોલ દ્વારા ૮૭ અખિલ ત્રિમૂર્તિ શિવ જયંતિ મહોત્સવ નિમિત્તે બરફના અમરનાથ શિવલિંગના દર્શન સાથે "શિવદર્શન આધ્યાત્મિક મેળા"ના કાર્યક્રમનું આયોજન ૮૭૪/૧, બ્રહ્માકુમારી શાલીન-૩ સોસાયટીની બાજુમાં ઉવારસદ રોડ વાવોલ ખાતે કરવામાં આવ્યું છે જેનું ઉદઘાટન તા. ૧૭મી ફેબ્રુઆરીએ સાંજે ૫.૦૦થી ૭.૩૦કલાક દરમ્યાન યોજાશે જ્યારે તા.૧૮મી ફેબ્રુઆરીએ સવારે ૭.૦૦ કલાકથી રાત્રિના ૯.૩૦કલાક સુધી મહાશિવરાત્રિ પર્વ ઉજવાશે. તા.૧૯મી ફેબ્રુઆરીથી તા. ૨૫મી ફેબ્રુઆરી દરમ્યાન ચાલનારા આ ૮૭ અખિલ ત્રિમૂર્તિ શિવ જયંતિ મહોત્સવ દરમ્યાન રાજયોગ પ્રદર્શની, પરમાત્મા અવતરણ થ્રિડી વિડીયો શો, કલિયુગ, સતયુગ, સંગમયુગ ઝાંખી, વ્યસનમુક્તિ લઘુનાટિકા, વેલ્યુ ગેમ વગેરેનું પણ આયોજન કરવામાં આવ્યું છે. શિવદર્શન આધ્યાત્મિક મેળામાં સવારે ૮.૦૦ થી ૯.૦૦ કલાક, બપોરે ૪.૦૦થી ૪.૩૦ કલાક અને રાત્રી ના ૮.૦૦ થી ૯.૦૦ કલાક દરમિયાન દર્શનાર્થીઓ કોઈપણ એક સમયે વિના મૂલ્યે રાજયોગ અભ્યાસનો લાભ લઈ શકશે.



શહેરના સેક્ટર-૨૨ રંગમંચ પાસે રાત્રીના પોણા નવ વાગ્યાના અરસામાં અલ્ટો કારમાં અચાનક આગ ભભુકી ઉઠી હતી. આગ લાગતા જ કારમાં સવાર વ્યક્તિઓ બહાર આવી ગયા હતા. બનાવની જાણ થતા સબ ફાયર ઓફિસર કે.જે. ગઢવી ટીમ સાથે પહોંચી જઈને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો, જ્યારે કારના આગળના ભાગે ભારે નુકશાન થવા પામ્યુ છે. જ્યારે કારમાં શોર્ટ-સર્કિટને પગલે આગ લાગી હોવાનું ફાયર વિભાગનું પ્રાથમિક અનુમાન છે જ્યારે કારમાં આગ લાગતા મોટી સંખ્યામાં નાગરીકો એકઠા થઈ ગયા હતા.


## જાગૃત નાગરિક પરિષદના સ્થાપક પ્રમુખ પ્રેમશંકર અને લલિતાબેનના સ્મૃતિગ્રંથનું વિમોચન



ગાંધીનગર, તા. ૧૪

સ્વ. પ્રેમશંકર વ. ભટ્ટ ભૂતપૂર્વ સનદી અધિકારી અને તેમના ધર્મપત્ની સ્વ. શ્રીમતિ લલિતાબેન પ્રેમશંકર ભટ્ટની સ્મૃતિમાં ''જીવનયાત્રા'' ગ્રંથનું વિમોચન ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ મુખ્ય સચિવ પી.કે. લહેરી, ગુજરાત સાહિત્ય એકેડેમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા, પદ્મશ્રી ડૉ. જે.એમ. વ્યાસ કુલપતિ, નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, વિખ્યાત ફિલ્મ અભિનેતા પદ્મશ્રી મનોજ જોષી અને જાણીતા ગીત અને ગઝલ ગાયક મનહર ઉદાસ તેમજ વરિષ્ઠ પત્રકાર અને ગ્રુપ એડિટર નવગુજરાત ટાઈમ્સ તથા અમદાવાદ મિરર, અજય ઉમટની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે આવેલ નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના સભાગૃહમાં યોજવામાં આવેલ. સમારંભમાં ઉપસ્થિત મુખ્ય અતિથી અને અતિથિવીશેષગણ દ્વારા તેમના જીવનના વિવિધ પાસાઓને, પ્રસંગોને યાદ કરીને આ પ્રસંગે શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવેલ છે. આ જીવનયાત્રામાં સ્વ. પ્રેમશંકર ભટ્ટ દ્વારા લખવામાં આવેલ તેમની આત્મકથા ઉપરાંત અનેક નામાંકિત વ્યક્તિઓ દ્વારા તેમના વિષે લખવામાં આવેલ લેખોનો સમાવેશ કરવામાં આવેલ છે. આ પ્રસંગે તેમના જીવન પર આધારિત એક શોર્ટફિલ્મ પણ દર્શાવવામાં આવેલ અને વિખ્યાત ફિલ્મ પટકથા લેખક અને કવિ મનોજ મુંતશિર શુકલા દ્વારા પ્રસંગને અનુરૂપ પૈરણદાયી રજૂઆત કરવામાં આવેલ અને સ્વ. પ્રેમશંકર ભટ્ટ અને લલિતાબેનને યાદ કરી માતા અને પિતાની જીવનમાં ભૂમિકા અને તેનું મહત્વ ખુબજ અસરકારક રીતે તેમની આગવી શૈલીમાં રજૂ કરેલ જે શ્રોતાઓના દિલો-દિમાગ પર છવાઈ ગયેલ. નિવૃત્તિબાદ સતત સક્રિય જીવન વિતાવીને રાજ્યની સામાજિક સેવાભાવી સંસ્થાઓ સાથે સંકડાઈને સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓને વેગ આપેલ છે. ગુજરાત રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધ્યક્ષ તરીકે પણ ખુબ જ અસરકારક ભૂમિકા તેમણે અદા કરેલ છે.

## NFSU ખાતે વિદ્યાર્થીઓને ૨૦ લાખ રૂપિયાની ગ્રાન્ટના સર્ટિફિકેટનું વિતરણ



ગાંધીનગર, તા. ૧૪

નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (NFSU), ગાંધીનગર ખાતે મંગળવારે ૪૭ વિદ્યાર્થીઓને ફોરેન્સિક વિજ્ઞાનના ક્ષેત્રે સંશોધન કરવા માટેના નવા વિચારો રજૂ કરવા બદલ કુલ ૨૦ લાખ રૂપિયાની ગ્રાન્ટના ''પ્રૂફ ઓફ કન્સેપ્ટ'' અંગેના સર્ટિફિકેટનું વિતરણ NFSUના કુલપતિ, ડૉ. જે.એમ. વ્યાસના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રો. (ડૉ.) પૂર્વી પોખરિયાલ, કેમ્પસ ડાયરેક્ટર, NFSU-ગાંધીનગર; પ્રો. (ડૉ.) નવીનકુમાર ચૌધરી, કેમ્પસ ડાયરેક્ટર, NFSU-ગોવા અને ડૉ. મંજૂનાથ ઘાટે, હેડ-SSIP-2.0-NFSU મંચ ઉપર ઉપસ્થિત રહ્યા હતા.વિદ્યાર્થીઓને અભિનંદન આપતા પોતાના અધ્યક્ષીય ભાષણમાં NFSUના કુલપતિ ડૉ. જે.એમ. વ્યાસે જણાવ્યું હતું કે સંશોધનના માધ્યમથી NFSUના વિદ્યાર્થીઓ માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીના ''આત્મનિર્ભર ભારત''ના સ્વપ્રને સાકાર કરવા માટે કાર્યરત્ થયા છે, એ ગૌરવ અને આનંદની વાત છે. સંશોધન એ ઈનોવેશન (નવાચાર)માં પરિવર્તિત થવું જોઈએ અને ઈનોવેશન, સ્ટાર્ટ-અપનું વિશાળ સ્વરૂપ પ્રાપ્ત કરે તે માટે વિદ્યાર્થીઓએ અથાક પ્રયાસો કરવાના છે. આ પ્રસંગે પ્રો. (ડૉ.) પૂર્વી પોખરિયાલ, કેમ્પસ ડાયરેક્ટર, NFSU-ગાંધીનગર એ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું.

## ''બેટી બચાઓ બેટી પઢાઓ'' બે દિવસીય નેશનલ કોક્લેવનું આયોજન

**મહિલા અને બાળ વિકાસ વિભાગના સચિવ શ્રી કે. કે. નિરાલાએ કરાવ્યો શુભારંભ**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર ગિફ્ટ સિટી ખાતે "બેટી બચાઓ બેટી પઢાઓ યોજના" હેઠળ વિવિધ રાજ્યોમાં થયેલા શ્રેષ્ઠ પ્રયાસોના આદાન-પ્રદાન માટે બે દિવસીય નેશનલ કોક્લેવનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્ય સરકારના મહિલા કલ્યાણ-મહિલા અને બાળ વિકાસ વિભાગ તેમજ યુનિસેફના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ નેશનલ કોક્લેવમાં વિવિધ રાજ્યોના સચિવશ્રીઓ અને અધિકારીશ્રીઓ તેમના રાજ્યમાં ''બેટી બચાઓ બેટી પઢાઓ'' માટે થયેલા શ્રેષ્ઠ પ્રયાસો, અમલીકરણ ડિઝાઈન, પડકારો, સીમાચિહ્નો અને આંતરિક મૂલ્યાંકન પદ્ધતિઓ અંગે પોતાના વિચારો રજૂ કરશે. નેશનલ કોક્લેવનો શુભારંભ કરાવતા મહિલા અને બાળ વિકાસ વિભાગના સચિવ શ્રી કે. કે. નિરાલાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ દેશની દીકરીઓના વિકાસ માટે શરુ કરેલા આ અભિયાન હેઠળ દરેક




રાજ્યમાં મહિલા ઉત્કર્ષ માટે કેટલીક વિશેષ પહેલ કરવામાં આવી છે. આવી વિશેષ પહેલથી સૌ અવગત થાય અને બીજા રાજ્યો પણ નવતર પહેલને અપનાવે તો દેશભરની મહિલા ઓનો સમાન વિકાસ થશે અને દેશના વિકાસમાં પણ મહિલાઓનું યોગદાન વધશે, તેમ તેમણે ઉમેર્યુ હતું. આ પ્રસંગે મહિલા કલ્યાણ વિભાગના નિયામક શ્રી પુષ્પલતાએ જણાવ્યુંહતુંકે, ગુજરાતમાં દીકરીઓ અને મહિલાઓના વિકાસ માટેઅનેકવિધ નવતર પહેલો કરવામાં આવી છે. કેટલીક વિશેષ પહેલોના ભાગરૂપે તેમના માટે નવી યોજનાઓ પણ અમલી બના વવામાં આવી છે. જેનું મુખ્ય કારણ એ છે કે, ગુજરાતે હંમેશા સફળ પ્રયાસો, અનુભવો અને યુનિક કાર્યોમાંથી પ્રેરણા લઈને મહિલા વિકાસ માટે શ્રેષ્ઠ કામગીરી કરવાની કાર્યપદ્ધતિ અપનાવી છે, તેમ તેમણે ઉમેર્યુ હતું.